www.marugujarat.in

# WFS6

# B

પ્રશ્નપુસ્તિકા કોડ

ઉમેદવારનો બેઠક નંબર

| X | X | X | X | X | X | X | X |
|---|---|---|---|---|---|---|---|

ખંડ નિરીક્ષકની સહી

તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહીં.

સમય : 60 મિનિટ્સ
કુલ ગુણ : 100

## ઉમેદવારોને સૂચના

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઇ એક છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે. **તમારે આ સાથે અલગ આપેલ ઉત્તરપત્ર (OMR SHEET)માં જ ઉત્તર આપવાના છે.**

**ઉદાહરણ તરીકે :**

ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે ?

(A) સુભાષચંદ્ર બોઝ (B) મહાત્મા ગાંધી

(C) વિનોબા ભાવે (D) સરદાર પટેલ

**ઉત્તરપત્ર (OMR SHEET)માં**

Ⓐ ● Ⓒ Ⓓ Ⓔ

ઉપર્યુક્ત ઉદાહરણમાં જવાબ "B" છે. આથી "B"નું વર્તુળ કાળું/ભૂરું (encode) કરેલ છે.

પરીક્ષાર્થી જે સવાલનો જવાબ આપવા માંગતા ના હોય તો સવાલની સામે આપેલ બબલમાંથી "E" બબલ ઘાટું કરવું. બબલ "E" સાથે અન્ય કોઇ જવાબનું બબલ પણ ઘાટું કરેલ હશે તો જવાબ ખોટો ઠરશે.

(2) પરીક્ષા શરૂ થયેથી પૂર્ણ થાય તે દરમ્યાન ઉમેદવાર પરીક્ષાર્થીએ પરીક્ષાખંડ છોડવાની મનાઇ છે.

(3) પ્રશ્નપત્ર ઉમેદવારને મળે કે તરત જ નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે.

(4) OMR પદ્ધતિથી ઉત્તરપત્રોના મૂલ્યાંકન માટે આપના સાચા-ખોટા જવાબ, એક કરતાં વધુ વિકલ્પો દર્શાવેલ જવાબ, છેકછાક તથા છોડી દીધેલ જવાબોને ધ્યાનમાં લેવામાં આવશે. ખોટા, છેકછાકવાળા, એકથી વધુ વિકલ્પો દર્શાવેલ તથા છોડી દીધેલ જવાબના ગુણનું મૂલ્યાંકન માઇનસ પદ્ધતિથી કરવામાં આવશે નહીં અને આ માટે (0)શૂન્ય ગુણ આપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને OMR ઉત્તરપત્રમાં વિકલ્પ (E) ડાર્ક કરશે તો તેના માઇનસ ગુણ કાપવામાં આવશે નહીં. આના માટે (0)શૂન્ય ગુણ આપવામાં આવશે.

(5) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિરીક્ષકની સહી કરાવી લેવી આવશ્યક છે. નિરીક્ષકની સહી વગરનું ઉત્તરપત્ર (OMR SHEET) તપાસવામાં આવશે નહીં.

(6) ઉત્તરપત્ર (OMR SHEET)માં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતથી અન્ય કોઇ પણ પ્રકારની નિશાની કરવાની સખત મનાઇ છે. તેમ છતાં પણ કોઇ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET)ના પ્રમાણપત્રમાં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંને સહી વિનાની OMR SHEET (ઉત્તરપત્રો) વાળા ઉમેદવારો ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઇ પણ સાહિત્ય, ગાઇડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઇલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઇન્ટ પેનથી ઉત્તરો દર્શાવવાના રહેશે. અન્ય શાહી કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી (White Ink), બ્લેડ કે રબરથી કે અન્ય કોઇ પણ રીતે કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

(11) પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર સાથે લઇ જઇ શકશે.

(12) મેળવેલ ગુણનું ગાણિતીય સૂત્ર નીચે પ્રમાણે રહેશે : (સાચા જવાબની સંખ્યા × 1 = ઉમેદવારને પ્રાપ્ત થતાં ગુણ.

(13) પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

1 Control A (Ctrl + A) શાના માટે ઉપયોગમાં લેવાય છે ?

(A) લખાણને કાપવા / ડીલીટ કરવા

(B) નકલ કરવા (Copy)

(C) લખાણ પુનઃચોટાડવા (Paste)

(D) બધુ જ લખાણ પસંદ કરવા (Select All)

2 E-mail સેવાઓ કોણ પૂરી પાડે છે ?

(A) Gmail (B) Hotmail

(C) Yahoo (D) ઉપરોક્ત બધા જ

3 E-mail થી આવેલ એક સંદેશને અન્યને એ સંદેશ મોકલવા માટે શાનો ઉપયોગ થાય છે ?

(A) Resend (રીસેન્ડ) (B) Compose (કંપોઝ)

(C) Reply (રીપ્લાય) (D) Forward (ફોરવર્ડ)

4 MS Word ડોક્યુમેન્ટમાં લઘુતમ કેટલી રો (Row) અને કોલમ (Column) હોય છે ?

(A) 1 અને 1 (B) 1 અને 2

(C) 2 અને 2 (D) 2 અને 3

5 By default થી હેડર (Header) અને ફુટર (Footer)નું કયા પાન ઉપર છાપકામ થાય છે ?

(A) પ્રથમ પાન ઉપર (B) છેલ્લા પાન ઉપર

(C) દરેક પાન ઉપર (D) પ્રથમ અને છેલ્લા પાન ઉપર

6 હેડર અને ફુટરને દાખલ કરવા / દૂર કરવા, MS વર્ડમાં કયા મેનુમાં જવું પડે છે ?

(A) Insert (B) Home

(C) Design (D) Page layout



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

7 ડોક્યુમેન્ટના બાહ્ય દેખાવમાં ફેરફાર કરવાની પદ્ધતિને શું કહે છે ?

(A) એડીટીંગ (Editing) (B) પ્રુફિંગ (Proffing)

(C) ફોરમેટીંગ (Formatting) (D) મેનેજીંગ (Managing)

8 ઈન્ટરનેટમાં (Internet)માં માહિતીની માંગણી કરતા કોમ્પ્યુટરને શું કહે છે ?

(A) સર્વર (B) કલાયન્ટ

(C) વર્ક સ્ટેશન (D) ટર્મીનલ

9 વર્ડ, એક્સલ અને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન (PPP) નીચેના પૈકી કઈ કંપનીની માલિકીનાં છે ?

(A) ઈન્ટેલ (Intel) (B) એપલ (Apple)

(C) માઈક્રોસોફ્ટ (Microsoft) (D) ગુગલ (Google)

10 FAQનો શું અર્થ છે ?

(A) Frequently Asked Questions

(B) Favourite Asked Question

(C) Favourite Question and Answer

(D) Frequently Answered Questions

11 નીચેના પૈકી કયો પ્રિન્ટરનો પ્રકાર નથી ?

(A) ઈન્કજેટ (Ink Jet) (B) 3-d

(C) લેન્ડસ્કેપ (Landscape) (D) લેઝરજેટ (Laser Jet)

12 ઓનલાઈન અભ્યાસ (Learning Online through Internet)ને શું કહે છે ?

(A) E-teaching

(B) ચેટીંગ (Chatting)

(C) વીડીયો કોન્ફરન્સ (Video Conference)

(D) E-learning

13 નીચેના પૈકી કઈ બાબત ''એન્ટીવાયરસ સોફ્ટવેયર'' "Antivirus Software" છે ?

(A) જાવા (JAVA) (B) ટેલી (Tally)

(C) નાર્ટન (Norten) (D) ઉપરોક્ત પૈકી બધા જ



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

14 વર્ડના ટુલબારમાં મહત્તમ ફોન્ટ (Font) સાઇઝ કેટલી હોય છે ?

(A) 8
(B) 24
(C) 48
(D) 72

15 નીચેના પૈકી સાચું મેલ એડ્રેસ શું છે ?

(A) xyz@gmail@com
(B) gmail@xyz.com
(C) xyz@gmail.com
(D) xyz.com@gmail

16 E-mailમાંથી ડીલીટ (Delete) કરેલ મેલ (Mail) ક્યાં રહે છે ?

(A) Restore
(B) Recycle bin
(C) Trash
(D) Inbox

17 પોટ્રેટ (Portait) અને લેન્ડસ્કેપ (Landscape) એ કોમ્પ્યુટરમાં શું છે ?

(A) Line numbers
(B) માર્જીન (Margins)
(C) પેજ સાઇઝ (Page Size)
(D) પેજ ઓરીએન્ટેશન (Page Orientation)

18 કોમ્પ્યુટરનું મગજ (Brain) શું છે ?

(A) AMU
(B) Memory (મેમરી)
(C) CPU
(D) Control Unit (કંટ્રોલ યુનિટ)

19 આર્ટીફિશીયલ ઈન્ટેલીઝન્સ (Artificial Intelligence) માં કોમ્પ્યુટરની કઈ ભાષાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) Fortran (FORTRAN)
(B) PROLOG
(C) C
(D) COBEL

20 ઓપ્ટીકલ ઈનપુટ ડીવાઇઝ (Optical Input Device) કે જે પેન્સીલ દ્વારા નિશાન કરેલ, બાબતોને ઓળખે છે તેને શું કહે છે ?

(A) OMR
(B) પંચકાર્ડ રીડર
(C) ઓપ્ટીકલ સ્કેનર
(D) મેગ્નેટીક ટેપ



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

21 ICનો સૌથી મહત્તમ લાભ (advantage) શું છે ?

(A) ICની નિષ્ફળતામાં તેને સહેલાઈથી બદલી શકાય છે.

(B) પ્રમાણમાં ખૂબ જ વિશ્વાસપાત્ર છે.

(C) કિંમત પ્રમાણમાં ઘણી જ ઓછી છે.

(D) વીજળીનો વપરાશ ઓછો છે.

22 ''નાના પ્લાસ્ટીક કાર્ડ'' ઉપર લખવામાં આવેલ વિગતોને ચકાસવા શાનો ઉપયોગ થાય છે ?

(A) મેગ્નેટીક ટેપ (Magnetic Tape)

(B) બેજ રીડર (Badge Reader)

(C) ટેપ પંક્ચર (Tape Puncture)

(D) કાર્ડ પંક્ચર (Card Puncture)

23 બે સિસ્ટમને અલગ પાડવા માટે જે બાઉન્ડ્રી (Boundry)નો ઉપયોગ કરવામાં આવે છે તેને શું કહે છે ?

(A) ઈન્ટરડીક્શન (Interdiction)

(B) ઈન્ટરફેસ (Interface)

(C) સરફેસ (Surface)

(D) ઉપરોક્ત એક પણ નહિ

24 રીમોટ કોમ્પ્યુટરને (Remote Computer)ને જોડવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ થાય છે ?

(A) ડાયલ અપ (Dial up)

(B) ડીવાઈઝ (Device)

(C) ડાયગ્નોસ્ટિક (Diagnostic)

(D) લોજીક સર્કીટ (Logic Circuit)

25 માઉસનાં એરોને શું કહેવાય છે ?

(A) બટન (Buttons)

(B) બુલેટ (Bullets)

(C) ગ્રાફ (Graph)

(D) પોઈન્ટર (Pointer)



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

26 ભારતમાં 'મૂળભૂત ફરજ દિન' ક્યારે ઉજવાય છે ?
(A) 6 જાન્યુઆરી (B) 6 ડિસેમ્બર
(C) 6 માર્ચ (D) 6 ઓગષ્ટ

27 રાજ્યસભાના ડેપ્યુટી ચેરમેનની ચૂંટણી કોણ કરે છે ?
(A) રાજ્યસભાના સભ્યો (B) રાષ્ટ્રપતિ
(C) લોકસભાના સભ્યો (D) રાજ્યસભા અને લોકસભાના સભ્યો

28 ગુજરાતમાં કયા વર્ષે સ્થાનિક સરકારમાં સ્ત્રી અનામત બેઠકોને 33% થી વધારીને 50% કરવામાં આવી ?
(A) 2000 (B) 2010
(C) 2014 (D) 2015

29 કયો દિવસ 'પ્રવાસી ભારતીય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે ?
(A) 12 ફેબ્રુઆરી (B) 12 જાન્યુઆરી
(C) 9 જાન્યુઆરી (D) 9 ઓગષ્ટ

30 યુનો એ 'વિશ્વ આદિવાસી દિવસ' (International Day of The World's Indigenous Peoples) ક્યારે ઉજવવામાં આવે છે ?
(A) 9 માર્ચ (B) 9 ઓગષ્ટ
(C) 13 સપ્ટેમ્બર (D) 13 ઓક્ટોબર

31 આપણા બંધારણમાં મૂળભૂત ફરજો કઈ કલમ હેઠળ સમાવેશ કરવામાં આવી છે ?
(A) કલમ-25 (B) કલમ-31
(C) કલમ-51(A) (D) કલમ-21(A)

32 કદમાં સૌથી નાનો પણ સૂર્યની સૌથી નજીક કયો ગ્રહ છે ?
(A) બુધ (B) ગુરૂ
(C) શુક્ર (D) શનિ

33 નીચેનામાંથી કયો બાહ્યગ્રહ નથી ?
(A) મંગળ (B) ગુરૂ
(C) શનિ (D) નેપ્ચ્યુન



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

34 સમુદ્ર સપાટીએ વાતાવરણનું સરેરાશ દબાણ કેટલું હોય છે ?

(A) 1023 મિલિબાર
(B) 1003 મિલિબાર
(C) 1031 મિલિબાર
(D) 1013 મિલિબાર

35 કચ્છની સરખામણીએ ઉત્તર-પૂર્વના રાજ્યોમાં સૂર્યોદય આશરે કેટલો વહેલો થયો હોય છે ?

(A) દોઢ કલાક પહેલા
(B) બે કલાક પહેલા
(C) એક કલાક પહેલા
(D) અડધો કલાક પહેલા

36 નીચેનામાંથી કયું પ્રાણી સરિસૃપ પ્રાણી નથી ?

(A) કાચબો
(B) દેડકો
(C) નાગ
(D) ગરોળી

37 મનુષ્યમાં ખોરાકના પાચનની પ્રક્રિયાની શરૂઆત ક્યાંથી થાય છે ?

(A) જઠર
(B) નાનું આંતરડું
(C) મુખ
(D) અન્નનળી

38 દીર્ઘા, ખુશી, અમી એક ગોળાકાર મેદાનને ફરતે એક આંટો અનુક્રમે 12 સેકન્ડ, 8 સેકન્ડ, અને 15 સેકન્ડમાં લગાવે છે. તો ત્રણેય જણ ફરીથી શરૂઆતના બિંદુ પર એકસાથે ક્યારે મળશે ?

(A) ત્રણ મિનિટ ત્રીસ સેકન્ડ
(B) એક મિનિટ
(C) ત્રણ મિનિટ
(D) બે મિનિટ

39 એક તાકામાંથી 130 સેન્ટિમીટરનો એક એવા 30 શર્ટ કાપ્યા બાદ 75 સેન્ટિમીટર કપડું વધે છે. તો તાકાની મીટરમાં કુલ લંબાઈ કેટલી હશે ?

(A) 38.75
(B) 39.75
(C) 39.25
(D) 40.00

40 એક સ્ત્રી પાસે 50 પૈસાના અને 25 પૈસાના અમુક સિક્કાઓ છે. જો તેની પાસે કુલ 55 સિક્કાઓ હોય અને કુલ 21.25 રૂપિયા હોય તો તેની પાસે 50 પૈસાના કુલ કેટલા સિક્કા હશે ?

(A) 30
(B) 25
(C) 20
(D) 15

41 એક ફેરિયો 5 રૂપિયાનું એક છાપું વેચે છે અને તેને 15% કમિશન મળે છે. જો તે રોજના 1200 છાપાં વેચતો હોય તો તે એક અઠવાડિયાનું કુલ કમિશન કેટલું થશે ?

(A) 7,200
(B) 5,600
(C) 10,500
(D) 6,300



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

42 ઈ.સ. 1857ના સંગ્રામ દરમ્યાન કયા રાષ્ટ્રીય નેતા અંગ્રેજ લશ્કરથી છુપાઈને પંચમહાલ વિસ્તારમાં રોકાયા હતા ?
(A) તાત્યા ટોપે
(B) કુંવરસિંહ
(C) નાના સાહેબ પેશ્વા
(D) મંગલ પાંડે

43 ચીન, જાપાન અને તિબ્બતમાં બૌદ્ધ ધર્મના ફેલાવવાનો શ્રેય કોને જાય છે ?
(A) અશોક
(B) બિંદુસાર
(C) કનિષ્ક
(D) ચંદ્રગુપ્ત પ્રથમ

44 ઋગ્વેદમાં કેટલા સૂક્તો આવેલા છે ?
(A) 1000
(B) 1015
(C) 1017
(D) 1028

45 જૈન ધર્મમાં ઉલ્લેખ મુજબ, પ્રથમ તીર્થંકર કોણ હતા ?
(A) મહાવીર સ્વામી
(B) ઋષભદેવ
(C) પાર્શ્વનાથ
(D) નેમિનાથ

46 વર્તમાન દેશ અને પ્રાચીન નામો, કયું જોડકું સાચું નથી ?
(A) વિયેટનામ - ચંપા
(B) થાઈલેન્ડ - સિલોન
(C) મ્યાનમાર - બ્રહ્મદેશ
(D) મલેશિયા - મલય

47 જહાંગીરની બેગમ નૂરજહાંનું મૂળનામ શું હતું ?
(A) મહેરૂન્નિસા
(B) જેબુન્નિસા
(C) આલમઆરા
(D) જહાંઆરા

48 લાહોર ખાતે કોંગ્રેસ અધિવેશનમાં ક્યારે સૌપ્રથમ વખત સ્વતંત્ર ભારતનો સ્વીકૃત તિરંગો ધ્વજ લહેરાવવામાં આવ્યો હતો ?
(A) 31 ડિસેમ્બર, 1928
(B) 26 જાન્યુઆરી, 1929
(C) 31 ડિસેમ્બર, 1929
(D) 26 જાન્યુઆરી, 1930

49 "સરહદના ગાંધી" તરીકે કોણ ઓળખાય છે ?
(A) મૌલાના આઝાદ
(B) સર સૈયદ અહેમદખાન
(C) ખાન અબ્દુલ ગફારખાન
(D) મોહંમદ અલી જીન્હા

50 બંધારણમાં રાજ્યોની યાદીમાં કેટલા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) 60
(B) 66
(C) 76
(D) 86



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

51 નીચેનામાંથી સૌથી ઓછો મૃત્યુદર ________ હોય છે.

(A) ચિકુનગુનિયા (B) ડેન્ગ્યુ હેમરેજીક ફીવર

(C) ફાલ્સીપેરમ મેલેરિયા (D) લેશમાનીયાસીસ

52 મેલેરિયાપેરાસાઈટ માનવશરીરમાં ________ માં વૃદ્ધિ પામે છે.

(A) શ્વેતકણ (B) બરોળ

(C) લસિકાગ્રંથિ (D) રક્તકણ

53 ફાઈલેરિયાનું એક લક્ષણ ________ છે.

(A) શરીર પર ચકામા થવા (B) પગ ખૂબ વધારે જાડા થઈ જવા

(C) મોઢું લાલ થઈ જવું (D) ઉપરમાંથી એકપણ નહિ

54 ડેન્ગ્યુ માટે નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) હિમેટોક્રીટ (Hematocrit) વધે છે. (B) પ્લેટલેટ ઘટે છે.

(C) હિમોગ્લોબીન ઘટે છે. (D) યકૃત મોટું થાય છે.

55 ફાઈલેરિયાના નિદાન માટે વ્યક્તિના લોહીના નમૂનાને લેવાનો આદર્શ સમય ________ છે.

(A) સવારે 8 વાગ્યે ફાસ્ટીંગ (ભૂખ્યા પેટે)

(B) સવારે છથી આઠ વાગ્યા દરમ્યાન

(C) સાંજે 8 વાગ્યાથી મધરાત 12 વાગ્યા સુધી

(D) ગમે ત્યારે લઈ શકાય

56 બ્રુટેઉ ઈન્ડેક્સ (Breteau Index) ________ માટે વપરાય છે.

(A) એનોફિલિસ મચ્છર (B) સેન્ડફ્લાય

(C) એડીસ મચ્છર (D) ક્યુલેક્સ મચ્છર

57 ઘરવપરાશના પાણીમાં મચ્છરના પોરા જોવા મળે તો નીચેનામાંથી કઈ દવાનો છંટકાવ પાણીમાં કરી શકાય ?

(A) ફેનથાઓન (B) ટેમેફોસ

(C) ડીડીટી (D) મેલાથાઓન



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

58 રાષ્ટ્રીય કાર્યક્રમની માર્ગદર્શિકા અંતર્ગત મેલાથાયોન ઈન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રે (IRS)ના વર્ષમાં કેટલા રાઉન્ડ થાય છે ?

(A) એક
(B) બે
(C) ત્રણ
(D) ક્યારેય વપરાતી નથી

59 પ્રાઈમાક્વીન મેલેરિયા પેરાસાઈટના જીવનચક્રના કયા તબક્કાનો નાશ કરવા વપરાય છે ?

(A) ગેમેટોસાઈટ
(B) સ્પોરોઝોઈટ
(C) હિપ્નોઝોઈટ
(D) સાર્મેટોઝોઈટ

60 વાઈવેક્સ પેરેસાઈટથી થયેલ મેલેરિયાની સારવાર માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) ક્લોરોક્વીન ત્રણ દિવસ
(B) ક્લોરોક્વીન ત્રણ દિવસ અને પ્રાઈમાક્વીન 14 દિવસ
(C) ક્લોરોક્વીન ત્રણ દિવસ અને ચૌદમા દિવસે પ્રાઈમાક્વીન
(D) ક્લોરોક્વીન સાત દિવસ

61 એન્યુઅલ પેરાસાઈટ ઇન્ડેક્સ (API) ________ના અનુસંધાનમાં વપરાય છે.

(A) મેલેરિયા
(B) ફાઈલેરિયા
(C) પેરાસીટામોલ
(D) કાલાઅજાર

62 ફાઈલેરિયાસીસ માટેની દવા ________ છે.

(A) આલ્બેન્ડાઝોલ
(B) ક્લોરોક્વીન
(C) પ્રાઈમાક્વીન
(D) સલ્ફાનેમાઈડ

63 ________નું બીજું નામ 'ટાઈગર મસ્કીટો' પણ છે.

(A) એડીસ
(B) એનોફિલિસ
(C) હાઉસફ્લાય
(D) ક્યુલેક્સ

64 કોમ્પ્લીકેટેડ ફાલ્સીપેરમ મેલેરિયાની સારવાર માટેની દવા કઈ છે ?

(A) આર્ટેન્સ્યુનેટ
(B) ક્લોરોક્વીન
(C) મેક્લોક્વીન
(D) પ્રાઈમાક્વીન

65 તાવ સાથે સાંધાનો દુખાવો થવો એ મુખ્યત્વે કઈ બીમારીમાં જોવા મળે છે ?

(A) ડેન્ગ્યુ
(B) ચીકુનગુનિયા
(C) યલોફીવર
(D) હાથીપગો



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

66 વ્યક્તિને મેલેરિયાના તાવનો ઉથલો આવવા અંગે નીચેનામાંથી સાચું વિધાન કયું છે ?
(A) ફરીથી મચ્છર કરડવાથી આવે છે.
(B) રક્તકણોમાં પેરાસાઈટ રહી જવાથી થાય છે.
(C) યકૃતમાં પેરેસાઈટ ફરીથી સક્રિય થવાથી આવે છે.
(D) ક્યારેય ઉથલો આવતો નથી.

67 સૂકો દિવસ (Dry Day) શબ્દ નીચેનામાંથી કોના સંદર્ભમાં વપરાય છે ?
(A) મેલેરિયાનો રોગચાળો
(B) ક્યુલેક્સ મચ્છર
(C) એડિસ મચ્છર
(D) ફાઈલેરિયાસીસ

68 કઈ બીમારીમાં શરીરમાં આંતરિક રક્તસ્રાવ (Internal Heamorrhage) થઈ શકે છે ?
(A) મેલેરિયા
(B) ડેન્ગ્યુ
(C) ફાઈલેરિયા
(D) ચીકુનગુનિયા

69 પ્રાઈમાક્વીન નીચેનામાંથી કોને ન આપી શકાય ?
(A) ઓછા હીમોગ્લોબીન વાળા વ્યક્તિને
(B) જી.સીક્સ પી.ડી. (G6 PD)ની ખામી ધરાવતી વ્યક્તિને
(C) જેને ડાયાબીટીસ છે તેને
(D) એચ.આઈ.વી. ચેપગ્રસ્ત વ્યક્તિને

70 મેલેરિયાગ્રસ્ત દેશમાં પ્રવાસ કરનાર પ્રવાસીઓને મેલેરિયા ન થાય તે માટે નીચેનામાંથી કઈ દવા આપવી જોઈએ ?
(A) મેફ્લોક્વીન (Mefloquine)
(B) ક્વીનાઈન
(C) ટેટ્રાસાઈક્લીન
(D) પ્રાઈમાક્વીન

71 મેલેરિયાના કેસોમાં સૌથી વધારે નીચેનામાંથી કોના કારણે થાય છે ?
(A) વાઈવેક્સ પેરેસાઈટ
(B) ફાલ્સીપેરમ પેરાસાઈટ
(C) ઓવાલી પેરાસાઈટ
(D) મેન્સનોઈડ પેરાસાઈટ

72 મેલેરિયાના નિદાન માટેનું આદર્શ પરિક્ષણ (Gold Standard Test) કયો છે ?
(A) એલાઈઝા (ELISA)
(B) રેપીડ ડાયગ્નોસ્ટીક ટેસ્ટ (RDT)
(C) પેરીફરેલ સ્મીયર (થીક એન્ડ થીન)
(D) ઉપરના બધા જ



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

73 નીચેનામાંથી કયો રોગ મચ્છરો દ્વારા ફેલાતો નથી ?

(A) હાથીપગો

(B) પ્લેગ

(C) યલોફીવર

(D) ચીકુનગુનિયા

74 મેલેરિયા ફેલાવતા મચ્છરની લાક્ષણિકતા માટે સાચો વિકલ્પ -

(A) સૂર્યાસ્ત પછી કરડે છે.

(B) દુષિત પાણીમાં ઈંડા મૂકે છે.

(C) મલેરિયાની જેમ ફાઈલેરિયા માટે પણ જવાબદાર છે.

(D) ઉપરોક્તમાંથી એક પણ વિધાન સાચું નથી.

75 ક્યુલેક્સ મચ્છર ક્યાં ઈંડા મૂકવાનું વધારે પસંદ કરે છે ?

(A) નદીમાં

(B) તળાવમાં

(C) ગંદા પાણીમાં

(D) કુંડામાં ભરેલા પાણીમાં

76 તળાવમાં થયેલા મચ્છરના ઈંડાનો નાશ કરવાનો ઉપાય ________ છે.

(A) ગપ્પી માછલી

(B) પેરીસગ્રીનનો છંટકાવ

(C) રેપલન્ટસ

(D) તળાવમાં મચ્છરના ઈંડા જાતે જ નાશ પામે છે

77 રાષ્ટ્રીય કાર્યક્રમની માર્ગદર્શિકા મુજબ ઈન્ડોર રેસિડ્યુઅલ સ્પ્રે (IRS)માં વપરાતી જંતુનાશક દવાનું નામ ________ છે.

(A) ડીડીટી

(B) ડેલ્ટામેથ્રીન

(C) પરમેથ્રીન

(D) અબેટ

78 નીચેનામાંથી કઈ દવા મેલેરિયાની સારવાર માટે વપરાય છે ?

(A) મીથર્જીન

(B) ક્લોરોક્વીન

(C) ડાઈક્લોરો ઈથીલીન

(D) ફ્લોરોક્વીન

79 મચ્છરજન્ય રોગો અટકાવવા માટેનો સર્વશ્રેષ્ઠ ઉપાય ________.

(A) મચ્છરના ઉદ્ભવસ્થાન/સંવર્ધન સ્થાનની નાબૂદી

(B) મચ્છરદાનીનો ઉપયોગ

(C) મેલેરિયાના દર્દી તથા તેના પરિવારની સામૂહિક સારવાર

(D) મચ્છર મારવાની જંતુનાશક દવાનો વારંવાર છંટકાવ



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

80 મેલેરિયાની સારવારની માર્ગદર્શિકા મુજબ, જો ઘર મુલાકાત દરમ્યાન, આરોગ્ય કાર્યકરને માલુમ પડે કે ઘરના કોઈ વ્યક્તિને તાવ આવે છે તો આરોગ્ય કાર્યકરે -

(A) દર્દીને તરત જ નજીકના આરોગ્ય કેન્દ્રમાં લઈ જવો.

(B) મેલેરિયાની લોહીની તપાસ ત્યાં જ કરવી.

(C) મેલેરિયાની લોહીની તપાસ અને મેલેરિયાની સારવાર એકસાથે શરૂ કરવા.

(D) વ્યક્તિને પેરાસીટામોલની ગોળી આપવી.

81 ડેન્ગ્યુના ચેપ માટે _______ જવાબદાર છે.

(A) વાયરસ/વિષાણુ (B) બેક્ટેરિયા

(C) કૃમિ (D) પ્રોટોઝુઆ

82 'હાથીપગો' માટે જવાબદાર મચ્છર

(A) એનોફિલિસ (B) હાઉઝફ્લાય

(C) એડિસ (D) ક્યુલેક્સ

83 નીચેનામાંથી સૌથી વધારે મૃત્યુદર ધરાવતો ચેપ -

(A) વાઈવેક્સ મેલેરિયા (B) ચીકુનગુનિયા

(C) હાથીપગો (D) ડેન્ગ્યુ

84 મેલેરિયા થયો હોય તેવા વ્યક્તિને જો મેલેરિયાની સંપૂર્ણ સારવાર ન મળે તો લાંબાગાળે _______.

(A) સ્વાદુપિંડમાં નુકસાન થાય છે (B) બરોળ મોટી થાય છે

(C) આંચકી આવવા લાગે છે (D) યકૃતને નુકસાન થાય છે

85 રાષ્ટ્રીય કાર્યક્રમમાં નીચેનામાંથી _______ અટકાવવાની રસીનો સમાવેશ કરેલ છે.

(A) યલોફીવર (B) ફાઈલેરિયા

(C) ડેન્ગ્યુ (D) મેલેરિયા

86 ગેમેટોસાઈટ (Gamatocyte), સ્પોરોઝોઈટ (Sporozoit) એ _______ ના જીવનચક્રના વિવિધ તબક્કા છે.

(A) પ્લાઝમોડિયમ પેરાસાઈટ (B) ડેન્ગ્યુ વાયરસ

(C) માઈક્રોફાઈલેરિયા (D) એનોફિલિસ



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner

www.marugujarat.in

87 ફાઈલેરિયાસિસ માટે જવાબદાર _______ છે.

(A) વાયરસ
(B) કૃમિ
(C) બેક્ટેરિયા
(D) પ્રોટોઝુઆ

88 ફાઈલેરિયા માટે જવાબદાર _______ છે.

(A) રેટસ રેટસ
(B) ક્યુલીસી ફેસીસ
(C) ડબલ્યુ ઓવાલી
(D) ડબલ્યુ બેનક્રોફટી (W. Bencrofti)

89 ડેન્ગ્યુની સારવાર માટે વપરાતી દવા _______ છે.

(A) ઈવરમેક્ટીન
(B) ક્લોરોક્વીન
(C) અર્ટેન્સ્યુનેટ
(D) ઉપરમાંથી એકપણ નહિ

90 વ્યક્તિને મેલેરિયાયુક્ત મચ્છર કરડ્યા પછી _______ દિવસ પછી મેલેરિયાનાં લક્ષણો/ચિહ્નો દેખાય છે.

(A) 2થી 3 દિવસ
(B) 4થી 7 દિવસ
(C) 7થી 12 દિવસ
(D) 21થી 25 દિવસ

91 ઢાંકણુ ઢાંક્યા વગરના પાણી ભરેલા પીપ એ _______નું ઉદ્ભવસ્થાન છે.

(A) એડિસ મચ્છર
(B) એડીનોસાઈન મચ્છર
(C) એનોફિલિસ મચ્છર
(D) ક્યુલેક્સ મચ્છર

92 પ્રજામાં મેલેરિયાનો ફેલાવો અટકાવવા માટેની ખૂબ અગત્યની દવા _______ છે.

(A) પ્રાઈમાક્વીન
(B) ક્લોરોક્વીન
(C) ક્વીનાઈન
(D) આર્ટેન્સ્યુનેટ

93 એડિસ મચ્છર દ્વારા ફેલાતા રોગ કયા છે ?

(A) ચીકુનગુનિયા, કાલાઅજાર, ડેન્ગ્યુ
(B) ફાઈલેરિયા
(C) ડેન્ગ્યુ, ચીકુનગુનિયા, યલોફીવર
(D) ફક્ત ડેન્ગ્યુ



Downloaded from www.marugujarat.in
Scanned with CamScanner

www.marugujarat.in

94 ઘરની મુલાકાત દરમિયાન જો તાવ આવેલ વ્યક્તિનું રેપીડ ડાયગ્નોસ્ટિક કીટ (RDK) દ્વારા 'નેગેટીવ' પરિણામ જોવા મળે તો

(A) વ્યક્તિને મેલેરિયા નથી તેમ કહેવાય.

(B) વ્યક્તિના લોહીનો ફરીથી નમૂનો લઈ લેબોરેટરીમાં મોકલવો.

(C) બીજા દિવસે ફરીથી લોહીની તપાસ RDKથી કરવી.

(D) દર્દીને પેરાસીટામોલની ગોળી આપવી.

95 નીચેનામાંથી કયા મહિનાને એન્ટીમેલેરિયા માસ તરીકે ગણવામાં આવે છે ?

(A) એપ્રિલ (B) મે

(C) જૂન (D) સપ્ટેમ્બર

96 ટોર્નીક્વેટ ટેસ્ટ (Torniquet Test) પોઝીટીવ આવે તો ________ હોઈ શકે.

(A) હાથીપગો (B) ડેન્ગ્યુ

(C) યલોફીવર (D) મેલેરિયા

97 ડાઈ ઈથાઈલ કાર્બામેઝિન (DEC) કયા રોગની સારવાર માટે વપરાય છે ?

(A) કાલાઅઝાર (B) ફાઈલેરિયાસીસ

(C) ચીકુનગુનિયા (D) પ્લેગ

98 ડેન્ગ્યુ વાયરસના કેટલા પ્રકાર હોય છે ?

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

99 ફાઈલેરિયાનું સ્થાનિક નામ ________ પણ છે.

(A) ગલઘોટું (B) કાળો તાવ

(C) કાલાઅઝાર (D) હાથીપગો

100 ચિકુનગુનિયાની સારવાર માટે વપરાતી દવા

(A) ઈવરમેક્ટીન (B) આલ્બેન્ડાઝોલ

(C) આર્ટેન્સ્યુનેટ (D) ઉપરમાંથી એકપણ નહિ



Downloaded from www.marugujarat.in Scanned with CamScanner